ગાંધીનગર સમાચાર



# કરામતી જીવ - કરોળિયા



કરોળિયા એટલે એવા જીવ કે જે સદાય લોકોમાં ઉત્તેજના, કુતૂહલતા અને લોકપ્રિયતાનો વિષય બની રહેલ છે. મોટા ભાગના લોકો તેને કીટક માને છે પરંતુ કીટકો અને કરોળિયા બંને અલગ અલગ સમુહના જીવો છે. કીટકો છ પગ વાળા, પાંખોવાળા અને શરીર પર શીર્ષ, ઉદર અને ઉરસ અલગ-અલગ ભાગમાં જોડાયેલાં હોય તેવા જીવો છે જે ઉડી શકે છે. જયારે કરોડિયા આઠ પગવાળા, પાંખો વગરના અને શીર્ષ તથા ઉરસ જોડાયેલાં તથા ઉદર અલગ એમ બે ભાગ ધરાવતાં ન ઉડી શકતાં જીવો પૈકીના છે. જે એરાની પેય વિભાગમાં આવે છે. તેઓ આઠ પગવાળા વીંછી, બગાઈ અને ઈતડીની નજીકના સગા કહી શકાય.



વનસૃષ્ટિનો પરિચય

હેમંત સુથાર

મોટા ભાગના કરોડિયાઓને આઠ આંખો હોય છે. કેટલીય જાતિઓમાં તે છ કે તેનાથી ઓછી આંખો પણ હોય છે. કરોળિયા કાળી અને ધોળી એમ બે રંગની આંખો ધરાવે છે. કાળી આંખો 'દિવાચર' કહી શકાય જે દિવસે અજવાળામાં જોવા માટે મદદરુપ બને છે. જયારે સફેદ રંગની આંખો 'નિશાચર' રાત્રી ભ્રમણ દરમિયાન જોવામાં ઉપયોગી બને છે. કેટલાક કરોળિયા એક જ કે બંને પ્રકારની આંખો ધરાવતાં જોવા મળે છે. સામાન્ય રીતે આંખો બે હરોળમાં ગોઠવાયેલી હોય છે. આ વિષયના વિષ્ણાંતો કરોળિયાઓની આંખોની ગોઠવણ અને રચનાને આધારે કયા પ્રકારનો કરોળિયો છે જે ઓળખી કાઢીને વર્ગીકૃત કરી શકે છે.

કરોળિયા સ્વાદ પારખી શકે છે. સુંઘવાની શક્તિ પણ ધરાવે છે. આ માટેની ગ્રંથિ તેમના પગમાં જ હોય છે.

**કરોળિયા ખોરાક વગર પણ લાંબો સમય રહી શકે છે આવો ગાળો અઠવાડિયાઓથી લઈને મહિનાઓ સુધીનો પણ હોય છે**

મોટાભાગના કરોળિયા એકલા જ રહેવા ટેવાયેલા હોય છે. સંવનન સમયે નર-માદા સાથે રહેતાં હોય છે. કેટલીય જાતિઓમાં માદા-શરુઆતમાં નવા જન્મેલા બચ્ચાંઓની સાથે ફરતી જોવા મળે છે. નાના બચ્ચાં પુખ્ય ન થાય ત્યાં સુધી ઉપરના શરીરના કવચનું નિર્વોચન કરે છે. મોટાભાગના કરોળિયા એક ઋતુ કાળ કે એકાદ વર્ષ જેટલું આયુષ્ય ધરાવે છે. હાઉસ સ્પાઈડ જેવી જાતિઓનો જીવનકાળ લાંબો છે. ટારાન્ટુલાસ કરોળિયાઓની માદાઓ લાંબામાં લાંબુ આયુષ્ય ભોગવે છે. તે છ વર્ષ પુખ્ય થયા બાદ નવી પેઢી જન્મ લે તે પછી પણ છ વર્ષ જેવું એટલે કે કુલ ૧૨ (બાર) વર્ષનું આયુષ્ય ભોગવતી હોય છે.

સંવનન બાદ કેટલીક જાતિઓમાં માદા કરોળિયા નર કરોળિયાને ખાઈ જાય છે, મારી નાંખે છે. સંવનનના થોડા અઠવાડિયા બાદ માદા ઈંડા મુકે છે જે ડઝનથી લઈને સૌથી વધુ જાતિ પ્રમાણે હોય છે. માદા ઈંડાને તેના રક્ષણાત્મક શિલ્ડ (રેશમ)ની નાની કોથળીનું તાપમાન તથા ભેજ ઈંડામાંથી બચ્ચાં વિકસીત થઈ શકે તે પ્રમાણે જળવાઈ રહેતું હોય છે.



કરોળિયા મુખ્યત્વે કીટભક્ષી હોય છે. કેટલાક કરોળિયા પાણી વગર રહી શકે છે. તેની પાણીની જરૂરિયાત ભક્ષ્યમાંથી સંતોષાતી હોય છે. મોટાભાગના કરોળિયા ખોરાક વગર પણ લાંબો સમય રહી શકે છે આવો ગાળો અઠવાડિયાઓથી લઈને મહિનાઓ સુધીનો પણ હોય છે.

કરોળિયાઓની ખોરાક મેળવવાની, જાળા બનાવવાની, સ્વરક્ષક કરવાની જેવી આશ્ચર્યજનક હકીકતોની વિગતો જાણવી ખુબ જ રસપ્રદ છે.

# સરકાર સામે સાહિત્યકારોનો મોરચો

## તંત્રીસ્થાનેથી....

કુલબર્ગી હત્યાકાંડ અને દાદરી ઘટના સંદર્ભે સાહિત્યકારોએ આપેલી પ્રતિક્રિયા સામે કેન્દ્રીય સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગનાં મંત્રી મહેશ શર્માએ ભાંગરો વાટી નાખ્યા પછી વધુ ઉગ્ર નિવેદન મોગીના વિશ્વાસુ સાથી-વરિષ્ઠ કેન્દ્રીય મંત્રી અરુણ જેટલી તરફથી આવ્યું છે. શર્માનું તો જાણે સમજ્યા. સાહિત્યકારો એમને સિરિયસલી લે પણ નહીં કારણ કે એમનું સરકાર કે શાસક પક્ષમાં એવું કોઈ વજૂદ પણ નથી. પરંતુ જેટલી તો મોદી અને અમિત શાહ સાથે મળીને આખી સરકાર ચલાવે છે. કેન્દ્ર સરકારની નીતિઓ ઘડવાથી લઈ આંતરરાષ્ટ્રીય સ્તરે એની યોગ્ય પરિપેક્ષ્યમાં રજૂઆત કરવાની જવાબદારી વહન કરતા જેટલી સરકારનું 'બ્રેઈન' છે, એમનું પ્રાંજલ અંગ્રેજી અને કાયદા કાનૂનનું જ્ઞાન તથા મોદી પ્રત્યેની સમયસિદ્ધ વફાદારી એમને અનેક મર્યાદાઓ છતાં મોદી પછીના સાચા 'નંબર ટુ' બનાવી રહેલ છે. રાજનાથસિંહ હાંસિયે ધકેલાઈ ગયા છે અને સુષમા સ્વરાજને તો શરુથી જ સલામત અંતરે રાખી મોદીએ એમની હેસિયત બતાવી દીધેલ છે. જેટલી વગર મોદીનું ગાડું ગબડે એમ જ નહોતું કારણ કે એમને અડવાણીથી લઈ સુપ્રીમ કોર્ટ સુધી શિંગડાં ભરાવવા માટે એ જ ખપ લાગે એમ હતા. એમને અમૃતસરમાં કારમી હાર મળ્યાં છતાં મહત્ત્વનાં ખાતાં આપીને કેન્દ્ર સરકારમાં ઊંચા પદ પર ગોઠવવા પડ્યાં, તેની પાછળ આ બધી બાબતો જવાબદાર છે. એમને મોદીના ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડની ત્રેવડી ભૂમિકા અદા કરીને રાજ જેઠમલાણી અને સુબ્રણ્યમ સ્વામી જેવા મોદી-શુભેચ્છકોને સરકારમાં ઘૂસવા ન દીધા. એથી એમને એવા લોકોનો ખોફ પણ વહોરવો પડ્યો છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના કટ્ટર વલણ વિરુદ્ધ સોફ્ટ હિંદુત્વની લાઈન સ્વીકારી આંતરરાષ્ટ્રીય સ્તરે મોદી સરકાર મુસ્લિમ વિરોધી નહીં હોવાની છાપ ઊભી કરવામાં પણ જેટલીનો સિંહફાળો રહ્યો છે. જયારે પણ મોદી સામે ઊહાપોહ ઊભો થયો છે ત્યારે ટ્રબલશૂટરના રોલમાં જેટલી જ આગળ આવ્યા છે. અમેરિકા પ્રવાસ દરમિયાન એમણે સરકારની સફળ અર્થનીતિની રજૂઆત કરવા પ્રયાસ કર્યો છે. પરંતુ એ જ સમયે દાદરી અને કુલબર્ગી જેવી બિલાડીઓ આડી ઊતરી ત્યારે જેટલીએ એક પછી એક સાહિત્યકારોની સરકારી માન-અકરામ પરત કરવા શરુ થયેલી પ્રતિક્રિયાને 'કાગળ ઉપરનો વિદ્રોહ' કહી ઉતારી પાડવાનો હાસ્યાસ્પદ પ્રયાસ કર્યો છે. મહેશ શર્માએ સાહિત્યકારોએ ચૂપચાપ સાહિત્ય સર્જન કરતા રહેવાની સલાહ આપેલી અને રાજકારણમાં ચંચુપાત નહીં કરવાની ચીમકી આપી ત્યારે મીડિયાએ એમને લબડ ધક્કે લીધા હતા. આખરે એમને ફેરવી તોળવું પડ્યું હતું. જેટલી બોલ્યા છે તે કદાચ એથી પણ વધારે આકરું લાગે એવું છે. એમણે લેખકોના પ્રતિકારને રાજકારણ દ્વારા પ્રેરિત કહીને લેખકોનું અપમાન કર્યું છે. વળી લેખકો - સાહિત્યકારોના આવા વિરોધની એમને મન કશી વિસાત જ ન હોય એમ એને કાગળ ઉપરનો વિદ્રોહ કહી ઉતારી પાડવાનો પ્રયાસ પણ ઉગ્ર પ્રતિક્રિયા જન્માવશે. આખરે સાહિત્યકારો તો પ્રજાના સ્વયંસિદ્ધ પ્રતિનિધિઓ છે. એમને ખરાં-ખોટાં વચનોની લહાણી કરી પ્રજાને મૂર્ખ બનાવી ધારાસભા કે સંસદમાં ચૂંટાવાની જરુર નથી. એ એમની કલમના જોરે સરકારી તલવારની ધાર બુઠ્ઠી કરી શકે છે. જેટલી અને મોદી માટે આગામી સમય ઘણો આકરો નીવડવાનો છે એનાં એંધાણ આ સર્જકોની પ્રતિક્રિયામાંથી સાંપડી રહ્યાં છે.

# કેટલીક વખત ઘણાંની હા-ના બહુ અનિર્ણાયક હોય છે, આપણા પાડોશી દેશ પાકિસ્તાનનો દાખલો લઈએ તો ત્યાંની સરકાર આપણા દેશ સાથે મંત્રણા માટે હા-હા કરતી હોય ત્યારે, ત્યાંની આર્મી ના-ના કરતી હોય છે

કેટલીક વખત જીવનમરણનો સવાલ હોય તેવા પ્રસંગો હા અને ના આ બે એકાક્ષર ઘણાના જીવનમાં બ્રહ્માસ્ત્ર જેવી અસર સર્જનારા સાબિત થતાં હોય છે. કેટલાક લોકોના હા ના ના નિર્ણય સીધા હૃદયમાંથી આવતા હો છે, તો કેટલાકના હા ના ના નિર્ણય મગજમાંથી નીકળતા હોય છે. ઘણા લોકોની ના માં હા સમાયેલી હોય છે. તેઓ કહેવા ખાતર જ ના ના કરતાં હોય છે. જરા હજુ વધુ આગ્રહની જરુર છે તેમ મોઘમ રીતે જાણે કહેતાં ના હોય! અનુભવી લોકો તેનો અર્થ હા છે તેમ સમજી લેતાં હોય છે. કેટલાંક ઘરે આવનારા મહેમાનને વધુ રોકાઈ જવાનો આગ્રહ કરવામાં આવે કે ખાવાપીવાનો આગ્રહ કરવામાં આવે ત્યારે તેઓ જલ્દી હા કહેવામાં શરમાતાં હોય છે અને ના ના કરતાં રહેતાં હોય છે. ઘણી યુવતિઓ તો... ના ના... કરતે પ્યાર તુમ્હીસે કર બૈઠે... કહી પાછળથી પેલાની સાથે પરણી પણ જતાં હોય છે.

તો ઘણાની હા માં ના સમાયેલી હોય છે. ઘસાતા સુરમાં એવી રીતે હા કહેવામાં આવતી હોય છે કે સામા વાળા સમજી જાય કે કહેવા ખાતર જ હા કહેવામાં આવી છે અને આનો ગર્ભિત અર્થ ના જ થાય છે. પરંતુ ઘણાની હા છેતરામણી હોય છે. તેઓ ગાજે એટલાં વરસતાં નથી હોતા. આવવાનું આમંત્રણ બહુ આગ્રહ કરી કરીને આપ્યું હોય. પરંતુ તેને સાચું માનીને કોઈ તેમને ત્યાં જાય ત્યારે પેલાનો ઉત્સાહ ઠરી ગયેલો જોઈને છેતરાયાની લાગણી થતી હોય છે.



કટાક્ષિકા

બિપિન ત્રિવેદી

વળી ઘણાને બહુ સરસ રીતે ના પાડતાં આવડતી હોય છે. સાપ મરે નહીં અને લાઠી ભાંગે નહીં. ના કહી છે એવું સીધી રીતે લાગે પણ નહીં, અને સંબંદ બગડે પણ નહીં. અંગ્રેજીમાં કહેવાય છે કે... સે.. નો, એઝ ઈફ... યુ... સે... યસ. તો ઘણાને ગ્રેસફૂલી હા કહેતા પણ આવડતું હોય છે. ઘણાં સામાની ઉપર ઉપકાર કરતાં હોય તેમ હા કહેતાં હોય છે, તો ઘણાં જાણે ખુશીથી ઊભરાતાં હોય એ રીતે હાં કહેતાં હોય છે.

ઘણાં ના કહેવામાં બહુ સ્પષ્ટ હોય છે. તેમની ના ની હા કયારેય થતી નથી હોતી. ના કહેવાની બાબત પુરતાં જાણે તેવા લોકોની લોખંડી સ્ત્રીનો ખિતાબ આપી શકાય. કયારેક આવા લોકો ના ના કરીને ઘણાં લોકોને નડતા હોય છે. કભી ખુશી, કભી ગમ... ની જેમ, ઘણા લોકો કભી... હા.. કભી... ના કરતા રહેતાં હોય છે. આપણે આ પ્રકારના માણસો વિશે ચોક્કસ અભિપ્રાય ના આપી શકીએ. પતંગ જેમ પવન પ્રમાણે ગુલાંટ મારે તે રીતે આવા પ્રકારના માણસો પણ લાભાલાભ અનુસાર હા ના કર્યા કરતાં હોય છે. અમારા પરમ સખા અને વડીલ એવા શંકરલાલના ઘરડાં માડી જેમને બધાં ઓળખીતાં લોકો તેમની દરેક બાબતમાં ડખોડખલ કરવાની ખૂબીને લીધે ડખાગૌરી, ડખેશ્વરી માતા ઉર્ફે ડોશી ડખડખ યાને કે છૂંછી ડોશીના હુલામણા નામથી ઓળખે છે તેમને સોસાયટીના કેટલાંક લોકો હાના ડોશી કહે છે.

કેટલીક વખત ઘણાંની હા ના બહુ અનિર્ણાયક હોય છે. આપણા પાડોશી દેશ પાકિસ્તાનનો દાખલો લઈએ તો ત્યાંની સરકાર આપણા દેશ સાથે મંત્રણા માટે હા હા કરતી હોય ત્યારે, ત્યાંની આર્મી ના ના કરતી હોય છે.

ઘણા એવાય લોકો હોય છે કે જેમના વતી તેમની હા ના બીજા કોઈ જ નક્કી કરતાં હોય છે. આવા લોકોએ જાણે કે આ અંગેના 'પાવર ઑફ એટર્ની' અન્ય નિષ્ણાત વ્યક્તિને આપી રાખ્યા હોય છે. એમ માનીને કે પોતાના માથા પરથી નિર્ણય લેવાની બલા જે ટળી તે. તો ઘણા એવા શાણા માણસો પણ હોય છે કે જેઓ કયારેય પણ વગર વિચાર્યે નિર્ણય લેતા હોતા નથી. સમ્રાટ અકબરના નવરત્ન સમાન જે તે બાબતના નિષ્ણાત વ્યક્તિઓની સલાહ મેળવીને પછી જ હા ના નો નિર્ણય કરતાં હોય છે. ઘણાંને વિચારવાની ફૂરસત જ ન હોય તેમ હા ના નો નિર્ણય વગર વિચાર્યે લઈ લેતા હોય છે. એમાં વળી બહુ વિચારવાનું શું? કંઈ થશે તો જોયું જાશે. આગે આગે ગોરખ જાગે... એવું પણ ઘણાં માનતા હોય છે.

કેટલાંક લોકો તો હા ના કરતાં પહેલાં વિચારવા માટે એટલો બધો સમય લેતાં હોય છે કે પછી હા ના નું મહત્ત્વ જ ન રહે. લગ્ન સંબંધ માટે ઘણા મુરતિયા કન્યા જોયા પછી એટલું બધું વિચારતાં હોય છે કે પેલી કહી દે જો... બકા! દેર કર દી, તો ફીર... ઢુંઢતે... રહ જાઓગે.

કેટલાંક લોકોની હા ના નું બહું મહત્ત્વ જ નથી હોતું. કોઈ તેમને ગંભીરતાથી લેતા જ નથી હોતા. આમ છતાં આવા લોકો વચ્ચે હા ના, હા ના કર્યા કરી પોતાની હાજરી પુરાવતા રહેતાં હોય છે. ઘરમાં કયારેક વડીલો અને રાજકીય પક્ષોમાં અભેરાઈ પર મૂકી દેવાયેલા વયોવૃદ્ધ નેતાઓની હાલત આવી જ થતી જોવા મળે છે.

ઘણા હા કહેવામાં આરંભે શુરા હોય છે. પાછળથી ખરા વખતે તેઓને ખસી જતાં વાર નથી લાગતી. કોઈ કાર્યક્રમમાં જોડાવાનું હોય તો સહુથી પહેલાં પોતાનું નામ લખાવી લેતાં

અનુસંધાન પાના નં. ૭ પર

# તુલસી ઈસ સંસાર મે ભાત ભાત કે 'વિરોધ'...!!!

આ આટીકલ તમે વાંચતા હશો એના થોડા કલાકો પછી રાજકોટના ખંઢેરી ક્રિકેટ ગ્રાઉન્ડ પર પાટીદારો નવતર પ્રકારના વિરોધની તૈયારીઓ કરી રહ્યા હશે. આ વિરોધ પ્રદર્શન કેટલું સફળ રહેશે કે ખરેખર થઈ શકશે કે નહિ કે પછી થશે તો કેવું એ બધા સવાલોના જવાબો તો મેચ આગળ વધતી જાય એમ એમ કે પછી પૂરી થાય ત્યાં સુધીમાં ખબર પડશે પણ વિરોધોના અગણિત પ્રકારોમાં આ એક નવતર પ્રકારના વિરોધની નોંધ તો ચોપડે લેવાઈ જશે એ નક્કી. આપણને કોઈ વાત, વસ્તુ કે ઘટના નથી ગમી એનું સામેવાળા ને ભાન કરાવવા માટેનું અકસીર શસ્ત્ર છે વિરોધ પ્રદર્શન અને આ વિરોધ પ્રદર્શનમાં વિરોધની ટેકનીક જેટલી નવીન એટલી એની અસર વધુ થાય અને સચોટ થાય. ભારત સાઉથ આફ્રિકા વચ્ચેની રાજકોટ વનડે માં (કદાચ) થનાર વિરોધ પ્રદર્શનનો જ દાખલો લો ને...આંતરરાષ્ટ્રીય મેચ રમાતો હોય, જગતના ૧૦૦ ઉપરાંત દેશોમાં જીવંત પ્રસારણ થતું હોય એવા સમયે ફરકાવેલું એકાદું બેનર કે બોલાવેલો એકાદો હુરિયો પણ જગતભરમાં લાકડિયા તારની જેમ ફરી વળે એનાથી વધુ મોટી ધ્યાન ખેંચનારી બાબત કઈ હોઈ શકે???

જગતભરમાં જાતજાતના વિરોધ પ્રદર્શનો થતા રહેતા હોય છે ને એમાયે સ્પોર્ટ્સ એકદમ ઈઝી વેન્યુ છે. ક્રિકેટના મેદાન પર કેમેરાની નજરમાં આવવા દર્શકો દ્વારા જાતજાતની હરકતો થતી રહેતી હોય છે ' મમ્મી આઈ એમ હિયર ' થી લઈને ' લવ યુ ધોની ' જેવા પ્લે-કાડી દ્વારા દર્શકો પોતાને લાઈમલાઈટમાં લાવતા હોય છે અને એમાં સાવ નગ્ન થઈને મેદાન પર દોડી જવા જેવી એકદમ બેશરમ હરકતો પણ સામેલ છે, ઈનફેક્ટ સામેલ નહી પણ ઈંગ્લેન્ડમાં તો ઓલમોસ્ટ મસ્ટ છે જ. જો કે આમાં ફક્ત મજા જ સામેલ હોય છે હા હમણા કટકમાં થયું એવું બોટલો ફેકવી કે બાઉન્ડ્રીના ફિલ્ડરને પથ્થર મારીને નાખુશી જાહેર કરવા જેવી વિરોધ રીતો પણ છે. નગ્ન થઈને દોડવું ખાલી મેદાન પુરતું જ સીમિત નથી પણ લગભગ બધાજ દેશોમાં વિરોધ પ્રદર્શનોમાં આંશિક કે સમ્પૂર્ણ કપડા કાઢીને વિરોધ નોંધાવવો પ્રચલિત છે જ. નગ્ન થવા જેવો જ બીજો એક જઘન્ય વિરોધ પ્રકાર છે સળગી મરવું. વિરોધ કરવાની કદાચ આ આત્યંતિક રીત છે. ભારતમાં વિરોધ પ્રદર્શન ટાણે કે રેલી વખતે સળગી જઈને વિરોધ કરવાની દર્દનાક અને દિલ દહેલાવી દેનારી ઘટનાઓ સમયે સમયે બનતી રહે છે.

પણ હવે વિરોધ કરવાની રીતો પણ સાંપ્રત થતી જાય છે. ક્યાંક કપડા કાઢીને તો ક્યાંક જીવ આપીને વિરોધ કરવાની રીતોની સાથે સાથે મુન્નાભાઈની ગાંધીગીરીની જેમ ગુલાબના ફૂલ આપવાની વિરોધ ટેકનીકો જેવી વિચિત્ર અને ગમ્મતભરી વિરોધ ટેકનીકો જગતભરમાં અપનાવાતી રહી છે. આપણે દુધના ભાવ માટે થઈને દૂધ ઉત્પાદકો રસ્તા પર ટેન્કરો ઢોળી દઈને નોંધ લેવડાવે છે તો ઈંગ્લેન્ડમાં હમણાં ગોપાલકો શોપિંગ મોલે ઘટાડેલા દુધના ભાવના વિરોધમાં ગાયો લઈને એક મોલમાં ઘૂસીને વિરોધ કરી આવ્યા, અલબત એમણે તો ગાયોને શોપિંગ મોલમાં રીતસર ફેરવી પણ ખરી. વ્યાપમ ગોટાળાના વિરોધમાં કોંગી કાર્યકરોએ ગંજી-ચડીમાં બેસીને વિરોધ કરેલો તો હમણાં નો મીટ-ડે ના વિરોધમાં શિવસેના દ્વારા જાહેરમાં મટનની મિજબાની જેવા વિરોધ કાર્યક્રમો થયેલ. થાઈ સરકારના વિરોધમાં લોકોએ પીએમ ઓફીસ અને ઘર સામે લગભગ ૩૦૦ બોટલ લોહી ફેકીને વિરોધ કરેલો તો હોંગકોંગમાં પ્રાણીઓ માટે કામ કરતી ' પેટા 'ના કાર્યકરોએ પોતાની જાતને પિંજરામાં કેદ કરીને મુક પ્રાણીઓની કતલનો વિરોધ કરેલો. બ્રાઝીલીયનો એ ફૂટબોલ વર્લ્ડ કપ વખતે સેંકડો ફૂટબોલને દફનાવીને વિરોધ નોંધાવેલો.

આપણે કામદારો હડતાલ પાડીને કે રેલ રોકો ને એવા બધા નુશ્ખાથી વિરોધ નોંધાવે છે એવી જ રીતે ઈટાલીમાં વર્કરોએ રસ્તા પર હજારો હેલ્મેટને વ્યવસ્થિત ગોઠવીને વિરોધ નોંધાવેલો. બિલકુલ એ જ રીતે સ્પેનમાં કોલસાની ખાણના મજુરોએ વિરોધ નોંધાવવા તેઓ જે લાઈટવાળી હેલ્મેટ પહેરીને ખાણમાં કામે ઉતરતા એ હેલ્મેટોને ચાલુ કરીને રાત્રે રસ્તા પર મૂકી પ્રોટેસ્ટ કરેલી. તુર્કીના એક અખબારે અખબારી જગતની આઝાદી પર તરાપના વિરોધમાં નવતર નુસ્ખો કરેલો. 'ધ યેન 'નામના આ અખબારે વર્તમાનપત્રના પહેલા પાને સમાચારોની હેડલાઈનને બદલે ફૂડ રેસીપી છાપવા માંડેલી. સન ૨૦૦૦માં પેરુના રાષ્ટ્રપતિના વિરોધમાં લોકોએ રોજ રાજધાની લીમાના મુખ્ય ચોક પર આવીને પેરુનો રાષ્ટ્રધ્વજ ધોઈને વિરોધ નોંધાવેલો. યુપીના શિવપુરીમાં હડતાલ પર ઉતરેલા અધ્યાપકોને સરકાર દાદ નહોતી આપતી એના વિરોધમાં અધ્યાપકોએ ભેસની સામે શહનાઈ વગાડવાનો વિરોધ કાર્યક્રમ કરેલો (ભેસ કે સામને બિન બજાના - એ આનું નામ). હજુ હમણાં જ ઝુકરબર્ગ અને મોદીની મુલાકાતના વિરોધમાં એક એકટીવીસ્ટ ગ્રુપે ઝુકરબર્ગને મોદી સાથે હાથ મિલાવ્યા પછી હાથને ધોવાની વિનંતી સાથે ૨૫૦ બોટલ હેન્ડ શેનીટાઈઝર મોકલીને વિરોધ નોંધાવેલો (જો કે આમ તો એણે આડકતરી રીતે મોદીના 'સ્વચ્છ ભારત 'અભિયાનને મદદ કરી જ કહેવાય કે નહી?!).



રઝળપાટ

અજય ઉપાધ્યાય

આમ તો શું છે કે 'બદનામ હુયે તો ક્યાં હુઆ, નામ તો હુઆ' એની જેમ ઘણી વાર વિરોધથી પણ જેનો વિરોધ થઈ રહ્યો હોય તેને ફાયદા નોંધાતા હોય છે અને એના સુપરહિટ ઉદાહરણો એટલે બોલીવુડ ફિલ્મોનો વિરોધ. પોસ્ટરો ફાડવા, કાળા કુચડા ફેરવવા કે ટોકીજોમાં તોડફોડ કરવા જેવા વિરોધોથી કઈ કેટલીયે ફિલ્મો ડબ્બામાં જવાને બદલે ઉચકાઈને હીટ કે સુપરહિટ થયાના બનાવો આપણે જોયા છે, સાલ્લુ ઘણી વાર તો એમ જ લાગે કે આ વિરોધ પ્રદર્શનો ક્યાંક ફિલ્મના ડાઈરેકટર - પ્રોડ્યુસર તો નથી કરાવતા ને? જો કે મોટા ભાગના કેસમાં ફિલ્મ રીલીઝ થાય એ પહેલા જ પબ્લીસીટી રૂપે આવા ગતકડા ચાલુ થઈ જ જતા હોય છે. વિરોધશાસ્ત્રમાં તો શું છે કે જેવી જેની અક્કલ એવા એવા વિરોધ. વગર વિચાર્યે ઊંચા ટીવી ટાવર કે વીજલાઈનના પોલ પર ચડી જવું એ પણ વિરોધ અને સંસદમાં છુટ્ટા માઈક કે ચપ્પલના ઘા કરવા એ પણ વિરોધ જ. હડતાલો પાડવી, ભારત બંધનું એલાન આપવું, હાઈવે બ્લોક કરી દેવા, પુતળા બાળવા, મોઢા પર શ્યાહી ફેંકવી, ચાલુ સભામાં વક્તા પર જુત્તું ફેંકવું કે કાળી પટ્ટી બાંધવી આવા પ્રચલિત વિરોધ પ્રદર્શનો તો હાથવગા છે જ પણ જમાનો નવો છે તો વિરોધો પણ નવતર હોવા જોઈએ ને? જૈસી જિસકી સોચ શેઠજી...!!!

**વિસામો :**

૧૯૭૫મા ઈન્દિરા ગાંધીએ દેશ પર લાદેલી કટોકટીના વિરોધમાં 'ઈન્ડીયન એક્સપ્રેસે 'બીજા દિવસના ન્યૂઝપેપરમાં તંત્રીલેખ'ની જગ્યાએ કશું જ લખ્યા વગર એ જગ્યા કોરી જ છોડીને અસરકારક વિરોધનું ઉત્તમ ઉદાહરણ આપેલું.

- akurjt@gmail.com

# સાચો સર્જકધર્મ કયો? સાહિત્ય અકાદમી એવોર્ડ પાછો આપવો કે...?

આજકાલ ગુજરાતમાં અને દેશભરમાં સૌથી વધુ ચર્ચા સાહિત્યકારોની થઈ રહી છે. જો કે સાહિત્યકારોને હંમેશાં લાઈમ - લાઈટમાં રહેવું, ચર્ચામાં રહેવું અંદરથી તો ગમતું જ હોય છે. એ પછી સાહિત્ય સર્જન દ્વારા હોય કે અન્ય પ્રયુક્તિઓ દ્વારા. આજના સાહિત્યકારો કદાચ એવું માનવા લાગ્યા છે કે જે પ્રસિદ્ધિ સાહિત્ય સર્જનથી મળે એના કરતા વધુ પ્રસિદ્ધિ -વિશેષ પ્રયુક્તિઓ અજમાવવાથી મળે છે. પણ આવી પ્રસિદ્ધિઓ અલ્પ જીવી હોય છે. એ તેઓ ભૂલી જાય છે.

આજે સૌ સાહિત્યકારો પોતાનો મૂળ ધર્મ ભૂલી જઈને સાહિત્યજગતમાં એક નવી રાજનીતિને જન્મ આપી રહ્યા છે. ગુજરાતમાં તો આ છેલ્લા છ એક મહિનાથી જરા જૂદી રીતે ચાલી રહ્યું છે. જ્યારે હવે કેન્દ્રીય સાહિત્ય અકાદમીને પણ આ નવી રાજનીતિ ભરડો લઈ રહી છે. દુષિત બનાવી રહી છે. જે જે સાહિત્યકારો પોતાનો એવોર્ડ અકાદમીને પરત કરી રહ્યા છે તેમને પૂછવું જોઈએ કે તેઓ '' કાલબૂર્ગી ''ને સાચી રીતે ઓળખે છે ખરા ? એમની સાથે ક્યારેય વાતચીત કે સંગોષ્ટિ કરી છે ખરી ? અરે એ છોડો, કાલબૂગીના સાહિત્યિક પ્રદાનથી વાકેફ છે ખરા ? તો મોટાભાગના 'ના' પાડશે. અથવા એક 'દાદરી'ની ઘટનાથી કોમવાદી તંગદીલી સર્જાઈ અને આ સાહિત્યકારોના હદય કંપી ઊઠ્યા ? શું આનાથી વધારે હદય કંપાવી નાખે એવી ઘટના આપણા દેશમાં બની જ નથી ? એક ટી.વી. ન્યુઝ ચેનલનો તો સર્વે છે કે વર્ષ ૨૦૦૯થી આજદિન સુધી ૪૩૪૬ જેટલી સાંપ્રદાયિક ઘટનાઓ બની છે શું એકેયમાં પીડા નહોતી ? માનવતાનું હનન નહોતું? ૧૯૯૦થી કાશ્મીરમાંથી ૯૫ ટકા પંડિતો હિઝરત કરી ગયા છે. ચાર લાખ પંડિતોને ત્યાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. વર્ષોથી જે ઘર, ફળિયું કે મહોલ્લા કે ગામમાં રહેતા હોય એ બધુ ત્યાગીને બીજે અજાણ્યા પ્રદેશમાં જઈને વસવાટ કરવો એ કેટલો પીડાદાયક હોય છે. એની વેદના આ સાહિત્યકારોએ કેમ નથી અનુભવી ? આવી ઘટનાઓમાં સાંપ્રદાયિક સંવેદના ક્યાં ગઈ હતી ? એમને ફરીથી ત્યાં પ્રસ્થાપિત કરવા આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પ્રયત્નો પણ કરેલા પરંતુ એ વખતે કેમ કોઈ અકાદમી પુરસ્કૃત લેખકોએ એમને સહકાર ન આપ્યો કે એમની સંવેદનાને બિરદાવી કે એ અંગે કોઈએ લેખ લખ્યો? અને હવે સરકાર મૌન કેમ છે? એવા પ્રશ્નો પૂછે છે ? વર્ષ ૨૦૦૨ માં ગુજરાતભરમાં સાંપ્રદાયિક દંગલોમાં હજારો હિન્દુ ને મુસ્લિમોએ જીવ ગુમાવેલા, એ વખતે કેમ કોઈ સર્જકે એવોર્ડ પરત ના કર્યો? અરે એ વખતે કેમ કોઈએ એ વિશે લેખો, વાર્તાઓ કે નવલકથાઓ લખીને ''સાંપ્રદાયિક ચેતના '' ને રાષ્ટ્રીય રૂપ ના આપ્યું? છૂટું છવાયું લખાયું પણ આ બધા જ અકાદમી એવોર્ડ વિજેતા કેમ એ વખતે મૌન રહેલા? અને જેમણે લખ્યું એમણે એ વખતે કેમ એવોર્ડ પાછો ના આપ્યો? ગુજરાતમાં એ વખતે અસંખ્ય હિન્દુ - મુસ્લિમ બાળકો અનાથ બન્યા હતા, સ્ત્રીઓ વિધવા થઈ હતી જેની પીડા તેઓ હજીયે ભોગવે છે. કદી કોઈ સર્જકે આવા અનાથ બાળક કે વિધવા સ્ત્રી પાસે જઈને એની સંવેદના વિશે કંઈ લખ્યું ? એમને ન્યાય અપાવવા કેમ કોઈ આગળ ના આવ્યા ? આદરણીય શ્રી નયનતારાજી અને શ્રી અશોક વાજપેયીને એ વખતે કેમ એવોર્ડ પરત કરવાનો વિચાર સુદ્ધા ના આવ્યો? નયનતારાજીને અકાદમી એવોર્ડ ૧૯૮૬માં મળ્યો અને આજે ૨૦૧૫ છે. આ ૨૯ વર્ષ શું દેશમાં રામરાજ્ય હતું? ૧૯૮૪માં એક દંગામાં ૨૮૦૦ જેટલા શિખો મર્યા હતા અને ત્યાર પછીના બે વર્ષ બાદ જ નયનતારાજીને ૧૯૮૬માં અકાદમીનો પુરસ્કાર મળેલો... એ વખતે જ એનો અસ્વીકાર કેમ ના કર્યો ? આ જ પ્રશ્ન શ્રી અશોક વાજપેયીજીને પૂછી શકાય કેમ કે એમને પણ અકાદમીનો એવોર્ડ ૧૯૯૪માં મળ્યો છે. શ્રી કૃષ્ણા સોબતીજીને પણ એવોર્ડ ૧૯૮૦માં મળ્યો છે. રાજેશ જોશીજીને તો ૨૦૦૨માં મળ્યો છે. આવા તો અનેક લેખકો છે કે જેઓ આટલા વર્ષો સુધી સંવેદનશીલતાને પંપાળતા રહ્યા અને હવે જાગ્યા અને અચાનક અકાદમીને એવોર્ડ પરત કર્યા વળી જોવાની ખુબી એ છે કે જે લેખકોએ અકાદમીને એવોર્ડ પરત કર્યા છે એમાંથી આઠેક જેટલા લેખકોએ જ કેન્દ્રીય અકાદમીને પત્ર લખીને જાણ કરી છે બાકીના તો સીધા મિડીયા સામે જઈને અવોર્ડ અસ્વીકારની વાત કરી પ્રસિદ્ધિને પામ્યા છે. વળી માંડ ચારેક લેખકોએ જ અકાદમીને એવોર્ડ વખતે મળેલા રૂપિયા એક લાખનો ચેક પરત કર્યો છે. તો બાકીના એ એક લાખ રૂપિયાનો ચેક કેમ પરત કરતા નથી ? એવી પણ ચર્ચા થાય છે. કોઈએ એ રકમ એ વખતે જ શિક્ષણ કે સમાજ સેવાને દાન કરી દીધીનું જણાવે છે પણ એ દાન કોના નામે થયું?

અરે ચલો, આપણે એમ માની લઈએ કે સાંપ્રદાયિકતા કરતા લેખકની સ્વતંત્રતા પરની વાતને કારણે ''કાલબૂર્ગી''ની હત્યાને કારણે સૌ એક થઈ રહ્યા છે. તો પછી માત્ર સાહિત્ય અકાદમીના એવોડ્ર્ઝ જ કેમ ? જ્ઞાનપીઠ વિજેતા સર્જકો પણ ઘણા છે. જેમણે ભારતીય સાહિત્યને - સંસ્કારને પ્રભાવિત કરતું સાહિત્ય સર્જન કર્યું છે. ભારતીય ચેતનાને પોતાના સાહિત્યમાં ઉજાગર કરી છે. આ ભારતીય સર્જકો કેમ આગળ નથી આવતા? સૌ શા માટે ચૂપ છે? અને પછી તો પદ્મશ્રીથી લઈને ભારત રત્ન એવોર્ડ સુધી વિચારી શકાય કે નહી? અને એવોર્ડ પાછા આપવાથી શું પરિણામ આવવાનું છે ખરું? મને લાગે છે કે સાહિત્યનું પ્રાદેશિક રાજકારણ હવે રાષ્ટ્રીય સ્તર પર વિકસવા ઈચ્છે છે. અત્યારે એક નવા પ્રકારની રાજનીતિ બની રહી છે. હવે ઘણા સર્જકોને પોતાના શબ્દ અને સર્જનમાં ભરોસો નથી રહ્યો. દરેક ક્ષેત્રની જેમ સર્જન ક્ષેત્રમાં પણ ખુબ હરિફાઈ છે. ટાંટિયાખેંચ છે. બે વાંદરા અને બિલાડી જેવી સ્થિતિ છે. ત્યારે હવે પ્રસિદ્ધિનું માધ્યમ કોઈ રહ્યું નથી. ત્યારે આવી એકાદ કોઈ ઘટનાને લીધે અકાદમીનો એવોર્ડ પરત કરવો એ કેટલે અંશે વાજબી છે ? શું આ પોતાના જ થયેલા સન્માનનું અપમાન નથી? પોતે જ સર્જેલા સર્જનનું અપમાન નથી? મા સરસ્વતીનું અપમાન નથી? સાહિત્ય તત્ત્વની ગરિમાને ઝાંખપ નથી લાગતા? પણ આ તો એક સર્જકે એવોર્ડ પરત કર્યો કે તરત બીજા પાંચ પચ્ચીસ એમને અનુસર્યા...શું લેખક તરીકે આપણી કોઈ સ્વતંત્ર વિચારધારા જ નથી? બીજાના વિચારને જ અનુમોદન આપવાનું? જેમણે જેમણે અકાદમીને એવોર્ડ પરત કર્યાની જાહેરાત કરી છે એમન પ્રશ્ન પૂછવો જોઈએ કે '' શું તમે અકાદમીને એવોર્ડ સાથે મળેલા એક લાખ રૂપિયાનો ચેક પણ પરત કર્યો છે ખરાં? '' અને ધારો કે સર્જકની સ્વતંત્રતાનો જ પ્રશ્ન છે તો વર્ષ ૨૦૦૭માં તસલિમા નસરીન વિરુદ્ધ ધર્મગુરુએ મૃત્યુનું ફરમાન કાઢ્યું હતું. ત્યારે કયા ગઈ હતી આ પુરસ્કૃત સર્જકોની સ્વાયત વિચારધારા ? તસલિમા ગમે ત્યાના હોય, પણ એ લેખિકા તો હતા ને ? અને ઉપરથી નારી. (નારીવાદી સર્જકો સાંભળો છો ને ?) એ વખતે આપણી બિનસાંપ્રદાયિકતા ક્યાં હતી ? અરે ૨૦૧૨ માં પણ જયપુરમાં એક લેખક સંમેલનમાં ' સલમાન રશદી 'ને પ્રવેશવા દીધા નહોતા. છતાંય કોઈ સર્જકોએ કોઈ પ્રકારનો શોર બકોર કર્યો નહોતો. અહી સર્જક સ્વાતંત્ર્યનો ધર્મ ક્યા ગયો હતો?



મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

આજે અચાનક એક નાની એવી સાંપ્રદાયિક ઘટનાથી કે એક લેખકની કોઈ કારણોસર થયેલી હત્યાથી. સૌ લેખકોના હદયમાં સંવેદના જાગી ઊઠી અને અને બધા ધડાધડ એવોર્ડ પરત કરવાની જાહેરાત કરવા લાગ્યા. પાંચ, દસ, પંદર કે વીસ.. કે ત્રીસ.... અને હજી તો આ સર્જકોનો આંક વધતો જાય છે.

અનુસંધાન પાના નં. ૭ પર